હિંદુ ધર્મમાં કુરબાની (યજ્ઞ)ની છૂટ. O.T.

JAN 1928

ભાષાન્તરકારઃ
અબ્દુલગની ઉસ્માન અત્તરવાલા,
હેડમાસ્તર મદ્રસએ શૌકતે ઇસ્લામ,
મુ૰ વંથલી-સોરઠ (જૂનાગઢ સ્ટેટ.)

મળવાનું ઠેકાણું
'કાદરી' ઓફીસ, ચોકબજાર-સુરત.
અને માસ્તર એ. યુ. અત્તરવાલા-રાંદેર.

પ્રત ૨૦૦૦) નવેમ્બર ૧૯૨૭ આવૃતી પહેલી.

સુરત બરાનપુરી ભાગોળ ભાજીવાલી પોળમાં આવેલા શ્રી 'અંબિકા વિજય' પ્રેસમાં હરગોવનદાસ હરકીસનદાસે છાપ્યું.

મૂલ્ય સવા આનો.

હિંદુ ધર્મમાં કુરબાની (યજ્ઞ)ની છૂટ.

ભાષાન્તરકારઃ—
અબ્દુલગની ઉસ્માન માસ્તર
આતરવાલા, હેડમાસ્તર
મદ્રસએ શૌકતે ઇસ્લામ
મુ૦ વંથલી સોરઠ
(જુનાગઢ સ્ટેટ.)

પ્રકાશકઃ—
એ. યુ. અતરવાલા
ઠે૦ 'કાદરી' ઓફીસ
ચોકબજાર—સુરત.

(નોટઃ—બહાર ગામવાળાઓએ છુટક નકલ માટે પોણાબે આનાની ટીકીટો મોકલવી.)

પ્રત ૨૦૦૦) નવેમ્બર ૧૯૨૭ આવૃતી પહેલી.

મૂલ્ય સવા આનો.

હિંદુ ધર્મમાં કુરબાનીની છુટ.

પ્રસ્તાવના

હિંદુ ધર્મમાં જાનવરો વધ કરવાની છુટ આપવામાં આવી છે. છતાં કેટલાક દુરાગ્રહી લોકો તે માનતા નથી. તેમજ બીજા ધર્મવાળાઓ જે માંસ ખાય છે તેમના પ્રત્યે તિરસ્કારની નજરે જુએ છે. તેથી તેવા લોકોની જાણ માટે આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. માંસ ખાનાર ભાઈઓ પણ હિંદુ ધર્મમાં કુરબાનીની છૂટ આપવામાં આવી છે તે આ પુસ્તક વાંચવાથી જાણી શકશે. આજકાલ મુલકમાં ઝઘડા ઘણી વધી ગયા છે. :તેમાં તિરસ્કાર એ પણ ઝઘડાનું મૂળ છે. એક બીજી કોમો વચ્ચે સંપ વધે અને હળીમળી રહે તેટલા માટે આ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પુસ્તક હિંદુ, મુસલમાન, શિખ, પારસી, યહુદી અને ખ્રિસ્તી બધાઓએ વાંચવાની જરૂર છે.

એ. જી. યુ. અતરવાલા.

હિન્દુ ધર્મમાં કુરબાનીની છૂટ.

હિંદુ ધર્મ અને મુસલમાન ધર્મમાં મોટો ફેર મૂર્તિ અને માંસનો છે. તેને માટે ઝઘડાઓ પણ ઘણીવાર થયા છે અને હજી થયા કરે છે. મૂર્તિ માટે તો હિંદુ વિદ્વાનો પણ કહે છે કે અજ્ઞાન લોકો માટે મૂર્તિ છે. ખુદાને નિરાકાર રૂપમાં ન સમજી શકે તેમને માટે છે. મૂર્તિને પૂજવું એ તો હલકાપણું છે એમ લગભગ બધા લોકો કબુલ કરે છે. તેથી તે બાબત વધારે કંઇ કહેવા જેવું નથી. ફક્ત મોટો ઝઘડો માંસ સંબંધી રહ્યો. હિંદુ લોકો માંસ ખાતા નથી અને ખાનાર લોકો તરફ હલકી નજરે જુએ છે. તેમજ તેમની તરફ તેટલા કારણેજ દુશ્મની રાખે છે. હિંદુ મુસલમાનોમાં આ ગેરસમજુતી દૂર થાય અને સંપ વધે તેટલા ખાતર આ લેખ લખવાની જરૂર પડી છે. હવે આપણે તપાસીએ કે હિંદુ લોકોમાં કોણ કોણ માંસ નથી-ખાતા, અને કયા નથી ખાતાં. ઉત્તર હિંદુસ્તાન તરફ નજર કરશું તો હિંદુ લોકોનો મોટો ભાગ માંસ ખાનાર છે. સિંધ અને પંજાબમાં તો લગભગ બધા ખાય છે. કાશી તરફ બ્રાહ્મણો માછલાં ખાય છે. ફક્ત ગુજરાતમાં બ્રાહ્મણ વાણીઆ વગેરે જ્ઞાતીઓ નથી ખાતી. પરંતુ ગુજરાત અને કાઠી-આવાડના રજપૂત, કાઠી, ગરાસીઆ વગેરે ખાય છે. આ પ્રમાણે તો રીવાજ ચાલુ છે. આ ઉપરથી નજર દોડાવીએ તો હિંદુ લોકોનો મોટો ભાગ માંસ ખાય છે એ સ્હેજે સમજી શકાય તેમ છે. તેમ છતાં રિવાજને પડતું મૂકીએ તો પહેલાં એજ વિચાર આપણને

થશે કે આ રિવાજ કેવી રીતે ઉતરતો આવ્યો? શું હિંદુ ધર્મમાં મના હશે છતાં આ રીવાજ ચાલુ રહયો હશે? અથવા શરૂ થયો હશે? વળી આટલો મોટો ભાગ કેમ હોય? જરૂર હિંદુ ધર્મમાં માંસ ખાવાની છૂટ હોવી જોઇએ. ભૂતકાળ એટલે આગલા વખતના દાખલા જોઇએ તો તેમાં પણ ઇતિહાસ મદદે આવશે. મોટા મોટા પુરૂષો રામ, કૃષ્ણ વગેરે શિકારે જતા અને શિકાર કરતા તેવા દાખલાઓ હજી ઇતિહાસમાં મોજુદ છે. ત્યારે શું આવા પુરૂષો કે જેમને હિંદુ લોકો દેવ તરીકે પૂજતા અને પૂજે છે, ધર્મની વિરૂધ્ધ કરે ખરા? તે ઉપરથી પણ એમ સાબિત થાય છે કે હિંદુ ધર્મમાં માંસ ખાવાની છુટ હોવી જોઇએ. કેટલાક હિંદુ વિદ્વાનો કહે છે કે માંસ ખાવાની સત્યુગમાં છુટ હતી. કળીયુગમાં મના છે. આ દલીલ મનની ઘડેલી છે. તે માટે સંસ્કૃત પુસ્તકોમાં કયાંએ એમ લખેલ નથી કે કળીયુગમાં માંસ ખાવાની મના છે. પણ કેટલાક લોકોએ મનની ઘડેલી દલીલો રજુ કરી અને માંસની મના કરવા પ્રયત્ન કર્યો હોય તેમ લાગે છે. તે માટે તેમની મોટામાં મોટી દલીલ એ છે કે કોઇ પણ પ્રાણીનો જીવ લેવામાં પાપ લાગે છે. એ તો હિંસા થઇ કહેવાય. માટે માંસ ન ખાવું જોઇએ. આ દલીલ કેટલી વજનદાર છે અને પાયાદાર છે તે તપાસીએ. કોઇપણ પ્રાણીનો જીવ લેવામાં પાપ લાગે છે. તે વાત વાજબી છે. તે હિસાબે તો ઝાડોમાં પણ જીવ છે. એ નિર્જીવ નથી. કુરઆનશરીફમાં તે બાબત ચોકખું લખેલું છે. હાલના ડોકટર બોઝ કે જેઓ પ્રખ્યાત હિંદુ ડોકટર છે, તેમણે શોધખોળ કરી વનસ્પતિ માટે એટલું નકકી કર્યું કે વનસ્પતિને ખુશી કે દીલગીરી પેદા થઇ શકે છે. તેમાં જીવ છે

તે બાબત તો બીજો સવાલજ નથી. ત્યારે હવે વનસ્પતિ ખાવાથી પણ પાપ લાગે કે કેમ ? તેમાં હિંસા કહેવાય કે નહિ ? હિંસા એજ મુખ્ય હેતુ હોય તો હિંદુભાઇઓએ પાણી બીલકુલ ન પીવું જોઇએ. ચોકખામાં ચોકખું પાણી લઇએ તો પણ તેમાં લાખો પોરાં હોય છે, તે સહુ જાણે છે. તે ઇન્કાર કોઇ કરી શકે તેમ નથી. ત્યારે લાખો જીવોને મારવામાં હિંસા ખરી કે નહિ ? હિંસાની બ્હીક ખાતર પાણી પીવાનું હિંદુ લોકોએ તજી દેવું જોઇએ. આખી જીંદગી સુધી પાણી ન પીવાની હિંમત કોણ કરી શકે તેમ છે ? આ ઉપરથી આપણને દેખાશે કે હિંસાની દલીલ ગેરવાજબી છે. માંસ ખાવામાં હિંસા હોત તો રામ કે કૃષ્ણ જેવા મહાપુરૂષો માંસ ખાત નહિ તેમજ ધર્મમાં પણ ખાવાની છૂટ મળત નહિ. હિંદુ ધર્મના સંસ્કૃત પુસ્તકોમાં માંસ ખાવાની છૂટ ઘણે ઠેકાણે લખેલી છે. તે હવે પછી આપવામાં આવશે. સંસ્કૃત શ્લોક ટાંકવામાં આવે તે પહેલાં અકલી દલીલથી જોઇએ કે તે કેટલી ગેરવાજબી છે. ઉપર કહ્યા પ્રમાણે પાણી, વનસ્પતિ કે માંસ ખાવામાં હિંસા ગણાય તો પછી દરેક માણસ શું ખાય અને પીએ શું ? શું ખુદાએ માણસને ખાવા પીવાની રજા નથી આપી ? તે તો દરેક ધર્મમાં હુકમ છે. હિંદુ ધર્મમાં, ખ્રિસ્તી ધર્મમાં અને ઇસ્લામ ધર્મમાં માણસને ખાવાપીવાની ખુલ્લે ખુલ્લી રજા આપવામાં આવી છે. ત્યારે ખુદા ખાવા પીવા માટે રજા આપે અને વળી તે પાપ પણ ગણે ખરો ? આ વાત અકલમાં કેમ સમાય ? જ્યારે ખુદા પાપ ગણતો નથી ત્યારે તેને માણસ પાપ (ગુનાહ) ગણે તે કેવી મૂર્ખાઇ ? આવી મૂર્ખાઇની પણ હદ હોવી જોઇએ ! આ માટે કજીઆ, ફસાદ ઉભા કરે હિંદુ મુસલમાનોમાં લડાઇ ઝઘડા.

કરવી અને સુખે કોઇને બેસવા ન દેવું તે કેટલે દરજ્જે અન્યાય કહેવાય? વળી આવા લોકો કેટલાક રજવાડાઓમાં પોતાની લાગવગ લગાવી પચુસણ પળાવે છે. શ્રાવણ મહીનામાં તો જાનવરો કપાય નહિ. દરેક મહિનામાં અમુક બે ત્રણ દિવસો તો માંસ ખાવાનું બંધ. હવે તો રાજાઓએ સમજવું જોઇએ કે આવી નકલી દલીલોથી માંસ ખાનારાઓને હેરાન કરવું તે ગેરવાજબી છે. કેટલેક ઠેકાણે તો રાજાઓને એવું સમજાવવામાં આવે છે કે આપ તો ધર્મરાજા છો. આપના રાજ્યમાં તો કસાઇખાનું જોઇએજ નહિ. શિકારની મના થવી જોઇએ. ભોળા દિલના રાજાઓ તરત માની લે છે. કોઇ વખતે તો માંસ ખાનારાઓને રાજાઓ અને બીજા લોકો દલીલ તરીકે આમ કહે છે કે તમે બકરી, ઘેટા વગેરે ગરીબડાં જાનવરો મારી ખાઓ છો તેના બદલામાં વાઘને દીપડાં ખાતા હો તો? વસ્તી તો તો હેરાન થતી મટે? કેવી દલીલો? આવી દલીલો ઉપર કોઇપણ હસ્યા વગર રહી શકે નહિ. જે જાનવરનું માંસ ગુણકારી હોય અને માણસની તંદુરસ્તી અને શકતી વધારે એવું હોય તેજ માણસે ખાવું જોઇએ. આવી દલીલ તો વનસ્પતિ માટે પણ ઉભી થઇ શકે છે. વનસ્પતિ ખાનારાઓ રીંગણાં, બટાટા, તાંદળજાની ભાજી વગેરે ખાય છે, છતાં લીમડાંનાં પાંદડાં, થોરીઆં કે બાવળનાં પેડાં કેમ નથી ખાતા? કારેલાં કડવાં ખાય તો પછી લીમડાંનાં પાંદડાં ખાવામાં શો વાંધો? પરંતું આ દલીલો બધી ગેરવાજબી છે. આ બધું એટલાં માટે લખવું પડે છે કે માંસ ખાનારાઓ ઉપર માંસની ખાતરજ જુલમ ગુજારવામાં આવે છે. હિંદુ તથા મુસલમાનોમાં માંસની ખાતર ઘણે ઠેકાણે દુશ્મની જોવામાં આવે છે. કેટલાક

રાજાઓ ઉપર તો એટલું દબાણ માંસના વિરોધીઓએ કરેલું છે કે તેમને ધિક્કાર કરતાં અટકાવ્યાં છે. છાપાઓમાં ચર્ચા ચલાવી તથા બૂમેબૂમ પાડી કેટલાક ઢીલા રાજાઓને શીકાર કરતાં હંમેશને માટે અટકાવી દીધા છે. આ કેટલું દીલગીરી ભરેલું કહેવાય! માંસ ખાવા વિરૂધ્ધની દલીલો પાયા વગરની છે. છતાં તેના ઉપર આટલું જોર બાંધવું તે ગેરવાજબી કહેવાય. વળી તેના માટે દુશ્મની ઉભી કરવી એ તો કેટલે દરજ્જે જુલ્મી કાર્ય ગણાય, તે કોઇપણ સાધારણ અકકલનો માણસ પણ સમજી શકે તેમ છે.

હવે આપણે સંસ્કૃત શ્લોકો ટાંકીને બતાવીશું કે હિંદુ ધર્મમાં માંસની છુટ આપવામાં આવી છે. યજ્ઞ (કુરબાની) માટે ખાસ તાકીદ કરવામાં આવી છે. આ લેખ હિંદુભાઇઓ વાંચે અને ગેરસમજુતી દુર કરે એ ઇચ્છવાયોગ છે, જેથી કજીઆ ઝગડા થતા અટકે.

અહિં એક બીજો દાખલો આપું કે જેથી લોકોને ખાત્રી થાય કે, આગલા વખતમાં માંસ હિંદુ લોકો ખાતા હતા, જ્યારે વશિષ્ઠ મહારાજ પધાર્યા ત્યારે વાલ્મિકી જેવા મહાપુરૂષે મહેમાનદારી માટે ગાયની કુરબાની કરી તે માંસ શાક માટે ઉપયોગમાં લીધું.

* અહં હિ સર્વયજ્ઞામાં ભોક્તા ચપ્રભુહેવચ ।

ત્વં ક્રતુસ્ત્વં હવિસ્ત્વં હુતાશઃ સ્વયં ત્વં

હિ મંત્ર સમિદર્ભ પાત્રણિસ ।

ત્વં સદસ્યર્ત્વિજો દંપતી દેવતા અગ્નિહુતિ

સ્વધા સોમમ આજ્યં પશુઃ॥

હું જ યજ્ઞનો ભક્ષક (ખાવાવાળો) છું. હું જ બધાનો માલિક છું. એટલે કે યજ્ઞ [કુરબાની] પોતેજ પરમેશ્વર છે. (ભાગવત ગિતા)

ઓ ઇશ્વર તુંજ યજ્ઞ (કુરબાની) છે. તુંજ હોમી છે. તુંજ અંગાર છે. તુંજ મંતર છે. તુંજ બળતણ છે. તુજ સમંધાસ છે. તુંજ પાત્ર છે. તુજ દંપતિ છે. તુંજ દેવતા છે. તુંજ અગ્નિ હોત્રમ છે. તુંજ સ્વધા છે. તુંજ સોમ છે. ઘી છે અને યજ્ઞ પશુ (કુરબાની માટે જાનવર) છે. (ભાગવત ગિતા)

ઉપરની હકીકતથી યજ્ઞ [કુરબાની] ની મતલબ સાબિત થાય છે.

તત્વં નતે વયમનજ્ઞન રૂદ્રસાપાત્કર્મણ્ય
યથ્રહુવિયો ભગવન્વિ દામઃ ।
ધર્મો પરવદાણમિદં ત્રિવૃદ્ધ્વરાખ્યં જ્ઞાતં
યદર્થમધિદૈવમ હોત્મ વસ્યા ॥

ઓ ઇશ્વર તને અમે ઓળખી શકતા નથી. પણ તેં ત્રણ વેદોની પેદા કરેલી ધર્મની નિશાની યજ્ઞ (કુરબાની)થી જેમાં તું પડે છે અમે તને ઓળખીએ છીએ. (ભાગવત ૪)

યજ્ઞ (કુરબાની)નો હુકમ બ્રહ્માએ પોતે કરેલ છે, અને તે બ્રહ્માનેજ અર્પણ થાય છે. 'તમામ પેદા કરેલાઓની જીંદગીનો આધાર યજ્ઞ [કુરબાની] ઉપર છે. યજ્ઞ [કુરબાની]નો આધાર તમામ પેદા કરેલાઓ ઉપર છે.

જે માણસ કુરબાની (યજ્ઞ) નથી કરતો તે બન્ને જહાન (આ લોક અને પરલોક)ને ગુમાવી બેસે છે.

નાયં લોકોઽસ્ત્યયજ્ઞસ્ય કુતોઽન્ય કુરુસત્તમ ।
નાયં લોકોઽસ્ત્યયજ્ઞાનાં પરશ્ચેતિ વિનિશ્ચય: ॥

તરજુમો:—જે કુરબાની [યજ્ઞ] નથી કરતો તે આ દુન્યા [આ લોક] અને આખરત (પરલોક)થી બેનસિબ રહે છે. (ભાગવત ગીતા અને શાંતી પર્વ) વેદના જાણવાવાળા સાક્ષી છે કે જે લોકો કુરબાની [યજ્ઞ] નથી કરતા તે લોકો દુન્યા અને આખેરત (આ લોક અને પરલોક] ગુમાવી બેસે છે.

હયમેધેન પુરૂષં પરમાત્માનમીશ્વરમ્ ।
ઇષ્ટાવ નારાયણું દેવ મોક્ષસેપિ જગદ્વધાત્ ॥
યજ્ઞોપં તવ યાદનાય કેન સૃષ્ટી સિધ્ધવસ્તઃ

પશુપતિનાશ દક્ષકોપાદ ।
તં વસ્ત્વં શવશયાના ભશાંતમેધં
યજ્ઞાત્મરશ્મિ તરૂચાદશા પુનીહિ ॥

નારાયણ વિષ્ણુની હજુરમાં ઘોડાની કુરબાનીથી તમામ દુન્યાને કતલ કરવાના પાપથી છુટકારો મળે છે. (ભાગવત)

ઓ પવિત્ર વિષ્ણુ તમારા માન ખાતર બ્રહ્માએ કુરબાની કરવાનો હુકમ કર્યો છે. શીવે તેને ખરાબ કરી નાંખ્યો. ઓ યજ્ઞ સ્વરૂપ વિષ્ણુ તમેજ આ મેંઢાની કુરબાનીને રોનક આપો અને તાજું કરો.

યુધિષ્ઠિરે એક વખતે ભિષ્મને કહ્યું કે, કુરબાની કરતી વખતે દક્ષિણા દેવી જોઇએ. તે વખતે ભિષ્મે જવાબ આપ્યો કે કુરબાની

કરતી વખતે તો દક્ષિણા આપવી તે ખાસ જરૂરી છે. દક્ષિણા આપવાથી વેદનો મહિમા સાબિત થાય છે. જે કુરબાનીમાં દક્ષિણા ન અપાય તે કુરબાની અપૂર્ણ કહેવાય.

એક બીજા શ્લોકમાં કુરબાનીથી શું ફાયદા થાય છે તે આપેલ છે. મનુષ્યની સાથે કુરબાનીને પેદા કરીને બ્રહ્માએ બોધ આપ્યો કે હવે, આ કુરબાની તમારી ઉમેદો પુરી કરવાવાળી છે. કુરબાની કરો અને આબાદ થાઓ. કુરબાની કરીને તમે દેવતાઓને નજરાણું આપો. દેવતાઓ તમને આશીર્વાદ આપી ન્યાલ કરશે.

ન દૈ પાપૈર્હિંયતે કૂ્યતે વાચો બ્રાહ્મણે ભજતે વેદશાસ્ત્રઃ।
ઉર્ધ્વં યજ્ઞૈઃ પશુભિ. સાર્ધમેતિ સંતર્પિતસ્તપ્યતે નવકામૈઃ॥

જે બ્રાહ્મણ વેદશાસ્ત્રના હુકમ પ્રમાણે કુરબાની કરે છે, તેને કદી પાપ થતું નથી; અને તેનો દરજ્જો કુરબાની કરવાથી ઘટતો નથી. પરંતુ વધે છે અને વધ કરવાની સાથેજ તેને સ્વર્ગ મળે છે.

એત્ર વૈ સ્વર્ગો સ્તોકો યજ્ઞ પશું સંજ્ઞપયન્તિ ।

જ્યાં જાનવરની કુરબાની કરવામાં આવે છે તે જગ્યાને સ્વર્ગ કહેવું જોઇએ. (યજુર્વેદ)

સ્વર્ગંનેવાભિકાંક્ષન્તે ન ત સ્વર્ગસ્તતો મખાત્ ॥

તમામ પ્રાણીઓ અને મનુષ્યો, ઝાડ પાન વગેરે સ્વર્ગમાં જવાની ઇચ્છા રાખે છે; અને સ્વર્ગ કુરબાની વગર મળી શકતું નથી.

 ૧૩૯૦૩

યજ્ઞાર્થં બ્રાહ્મણૈર્વધ્યાઃ પ્રશસ્તા મૃગપક્ષિણઃ।
ભૃત્યાનાં ચૈવ વૃત્યાર્થં મગસ્ત્યો હ્યાચરત્પુરા ॥

જંગલમાં રહેનાર બ્રાહ્મણોની ફરજ છે કે યજ્ઞને માટે અને સંબંધીઓના ગુજરાન માટે સ્વચ્છ જાનવરો અને પક્ષીઓનો વધ (ઝબહ) કરે, જેમ કે અગસ્તિ ઋષિ કરતા હતા.

ઇષ્ટાન્ભોગાન્હિ વો દેવા દાસ્યન્તે યજ્ઞભાવિતાઃ।
તૈર્દત્તાનપ્રદાયેભ્યો યો ભુંક્તે સ્તેન એવસઃ ॥
(હવેભ્યસ્તઇત્તાનેકવીહિપશ્વાદીનત્વા સ્તેન એવ સ્યાત।

દેવતાઓ કુરબાનીથી પ્રસન્ન થઇને તમારી ઇચ્છાઓ પુરી પાડે છે. તમારામાંથી જે કોઇ માણસ દેવતાઓની આપેલી દુન્યાની આટલી બધી ન્યામતોના ઉપકાર અર્થે કુરબાની નથી કરતો અને એકલ પેટો બની રહે છે તેને ઇશ્વરનો ચોર કહેવો જોઇએ. (ભગવદ ગિતા)

નિયુક્તસ્તુ યથાન્યાયં યો માંસં નાત્તિ માનવાઃ।
સપ્રેત્ય પશુંતાં યાતિ સંભવાને કવિંશતિમ્ ॥

વેદે કુરબાની માટે હુકમ આપ્યો છે અને જે કોઇ કુરબાનીનું માંસ ન ખાય તે એકવીસ વાર હલકા જાનવર તરીકે જન્મ લેશે. (મનુ અધ્યાય ૫)

નાત્ર દુષ્યત્યદન્નાદ્યા ન્પ્રાણિનોહન્યહન્યપિ।
ધાત્રૈવ સૃષ્ટા હ્યાદ્યાશ્ચ પ્રાણિનોત્તાહ એવ ચ ॥

સ્વચ્છ અને હલાલ કરેલા જાનવરોનું માસ હમેશાં ખાવાથી માણસ પાપી બનતો નથી. પરમેશ્વર પડે ખાવાવાળા પેદા કર્યા અને ખાવાના લાયક જાનવરો પક્ષીઓ અને વનસ્પતી પેદા કર્યાં.

યજ્ઞાર્થં પશવઃ સૃષ્ટા સ્વયમેવ સ્વયંભુવા ।
યજ્ઞસ્ય ભુત્યૈ સર્વસ્ય તસ્માદ્યજ્ઞે વધોઽવધઃ ।

કુરબાની માટે ઇશ્વરે જાનવરો પેદા કર્યા. તેથી કુરબાની કરવાથી હિંસા કરી એમ કહેવાય નહિ.

હિંસાકૃત્મત્યવેમાદિતિ કુથયતિ યો વેદ એવેષ યાધે
પશ્ચાકતંસં વિધતે યદિ કઇહ મખે વૈદિક સંશયીત ॥
હિંસાત્વા ભાવમવોત્વસ્યશ્રુતિ હતેહા હરામાનુંજાર્યઃ
તત્પજસ્યોપિયોન પ્રસજતિ યજને કસ્તદસ્યો ગુરૂદ્રિહ

જે વેદ હિંસાની મના કરે છે તેજ વેદ કુરબાનીમાં જાનવરોનો વધ કરવા હુકમ કરે છે. આવી હાલતમાં શું કોઇપણ વેદને સમજનાર માણુસ કુરબાની કરવાથી અચકાશે ! આ હુકમમાં શંકા કે વ્હેમ લાવનાર માણુસ કરતાં વેદનો મોટો દુસ્મન બીજો કોણુ હોઇ શકે ?

જુઓ શ્રીયુત રામાનુંજ મહારાજ ફરમાવે છે કે કુરબાનીમા જાનવરનો વધ કરવો તે હિંસા ન કહેવાય. તેથી તેમના અનુયાયીઓ (મુરીદો) પણુ કુરબાની ન કરે તો તેમનાં કરતાં પોતાના ગુરૂનો મોટો દુસ્મન કોણુ હોઇ શકે !

આ ઉપરથી એટલું સમજી શકાય છે કે કુરબાની જાનવરો,

પક્ષીઓની વગેરે કરવાની વેદમાં છૂટ આપાએલી છે. કુરબાની કરી માંસ દરેકે ખાવું જોઇએ. વેદમા હિંસાની મના કરવામાં આવી છે, તેવું વેદમાંજ લખેલું છે. છતાં વેદ કુરબાનીનો હુકમ કરે છે. તેથી ખુલ્લુ સમજી શકાય છે કે હિંદુ ભાઇઓ હિંસાનો અર્થ સમજી શકયા નથી. વળી વેદમાં એમ પણ હુકમ કરેલો છે કે કુરબાની (યજ્ઞ) કરવી તે હિંસા ન ગણાય. છતાં હિંદુ ભાઇઓ કુરબાની (યજ્ઞ)ને હિંસા ગણે છે. એટલુંજ નહિ પણ બીજી કોમો માંસ ખાય છે તેમની દુશ્મની કરવા મંડી પડે છે. જ્યાં જ્યાં પોતાની સિફારસ ચાલે છે ત્યાં માંસ મળતું બંધ કરવા પ્રયત્ન કરે છે. આ કેટલે દરજ્જે જુલમ કહેવાય ? વેદમાં તો એટલે સુધી હુકમ છે કે કુરબાનીની વિરૂદ્ધ જનાર લોકો વેદના દુશ્મન છે જે માંસ નથી ખાતો તે હલકો પશું થઇને અવતરશે. તે પણ વળી એકત્રીસ વાર એવો જન્મ લેશે. શું આનાથી વધારે ચોકખું જાણવાની જરૂર છે ? આ બધુ આપણે ઉપર વાંચી ગયા. તે ઉપરાંત ઉપર જણાવી ગયા કે જે માણસ કુરબાની નથી કરતો અને માંસ નથી ખાતો તે ઇશ્વર [ખુદા]નો ચોર ગણાય. તેને સ્વર્ગ (જન્નત) નહિં મળે. આ દુન્યામાં અને આખેરતમાં [પરલોકમાં) છુટકારો મેળવવો હોય તો તેણે કુરબાની કરવી જોઇએ અને માંસ ખાવું જોઇએ.

કેટલાક હિંદુભાઇઓ એવું બ્હાનું કાઢે છે કે માંસ ખાવાની છૂટ સત્યુગમાં હતી. હવે કળયુગમાં મના થઇ છે. તે પણ બ્હાનું ખોટું છે. હમણાંજ આપણે શ્લોક લખી બતાવી આપશું કે કળિયુગમાં અવશ્ય કરવી જોઇએ એવો ખાસ હુકમ છે.

બે દેવતાઓ વૈમાનમાં બેસી આસમાનથી ઉતરે છે. અને જમીનની

વસ્તી જોઇ તેમના વિષે પોતાનો અભિપ્રાય બાંધે છે. એક નદીના કિનારે વસ્તીને જોઇ એક દેવતા બીજા દેવતાને કહે છે.

તીરે તીરે સરિતામ પ્રકાશેય ભુયાન પ્રયો
વર્ગે વર્ગે ધરિણુ પ્રહારે પ્રહારે ।
વર્ગે વર્ગે ધરિણુ મરુતા વધતે સાધુ
યજ્ઞો યજ્ઞે યજ્ઞે વણુ સુભગસ્તોત્રા શાસ્ત્રાનુશ્રાષઃ ।

જુઓ તો આ નદીના કિનારે બ્રાહ્મણો.ની વસ્તી છે. દરેક ઠેકાણે જોતિષ્ટહોમ યજ્ઞ કરી રહ્યા છે; અને વેદના મંત્રોનો અવાજ આવી રહ્યો છે. આ બ્રાહ્મણોનું વર્તન સમુદ્ર ઝાષ જેવુ સાફ અને પવિત્ર છે.

બીજા દેવતાએ આ સાંભળી ટીકા કરી કે આ લોકો કળીયુગમાં પણ જાનવરોની કુરબાની (યજ્ઞ) કરી રહ્યા છો તમે આ લોકોની પ્રસંશા કેવી રીતે કરી રહ્યા છો. આ જમાનામાં તો તો કુરબાની (યજ્ઞ) કરવાળા ન તો બ્રાહ્મણો જોવામાં આવે છે ન જજમાન જોવામાં આવે છે. ન હલાલ કમાણીનો પૈસો જોવામાં આવે છે. વળી તેઓના દીલ પણ સાફ નથી. આ બ્રાહ્મણો તો ડોળ કરનારા લાગે છે. આ લોકોને ન્હાવા ધોવાના નિયમો પણ યાદ નથી. અગ્નિ હોત્રમની રીત અથવા તો દિક્ષાના નિયમોની તો વાતજ ક્યાં કરવી.

ત્યારે આ સાંભળી બીજાએ જવાબ આપ્યો.

શિષ્ટેભ્યઃ પ્રતિગૃહ્ય વિત્તમુચિતં સંપાદ્ય વિદ્યાકણી શ્રદ્ધા
હુયચ્છાતિ કલ્પસુત્રચતુરોહ્યષવા શુચિવૃત્તિજ ।
પ્રીતિં ભાવબતીં પ્રકામમત્રિસંધા વહરન્તકત્નૂ ધીમન્તો
ભુવમન્તિમંતુ કૃતવન્ત્યન્તર્મુક્ષા સતતમ્ ॥

તમે તો ભુગાઈ કરો છો. આ તો ઘણી પ્રસંશાની વાત છે કે આવા ખરાબ વખતમાં (કળીયુગમાં) પણ ભલા લોકો પાસેથી પૈસો ટકો લઈને, વિદ્યા સંપાદન કરીને, વ્યવસ્થા કરનાર કુરબાની (યજ્ઞ)વાળા લોકો પરમેશ્વરથી ધ્યાન ધરીને (યજ્ઞ) (કુરબાની) કરે છે અને કળીયુગ ને સત્યુગ કરી બતાવે છે. ખરાબ વખતને સારો વખત કરી દેખાડે છે. જે લોકો યજ્ઞની વિરૂધ્ધ યજ્ઞને હિંસા ગણે છે તે લોકો કહે છે કે અમારી પાસે જે માલ મિલકત છે, તે યજ્ઞ (કુરબાની)ને લાયક નથી. તેથી અમે જાનવરની કુરબાની (યજ્ઞ) નથી કરતા. માત્ર અનાજ શાક, પાતની કરીએ છીએ. જુઓ તો આ કેવી જુઠી વાત છે. શું અનાજ શાક પાત ખરીદવાને તેઓનો માલ પવિત્ર બને છે અને જાનવર ખરીદવાને માટે અપવિત્ર બને છે?

ક્યા જાનવરોની કુરબાની (યજ્ઞ) થઈ શકે ?

અજશ્ચાશ્વશ્ચ મેષશ્ચ ગોશ્ચ પક્ષિ ગણાશ્ચયે ।

ગ્રામા હરાયા ઓષધયઃ પ્રાણભ્યાશ્ચમિતિશ્રુતિઃ ॥

ક્યા જાનવરોની કુરબાની (યજ્ઞ) થઈ શકે ?

ઘેટા, બકરી, ગાય, ઘોડા, પક્ષિઓ અને જંગલીનો ભાજી પાલો એ બધો માણસનો ખોરાક છે.

તથૈવાજં મહરદઃ સાયં પ્રાત નિરૂપ્યતે ।

પશશ્ચઆશ્ચાય ધાન્યં ચ યજ્ઞસ્યા કમિતિશ્રુતિ ॥

(શ્રુતિ) શાંતિપર્વ.

જાનવરો અને અનાજ માણુસનો ખોરાક છે, આ તમામ યજ્ઞ (કુરબાની)ની વસ્તુઓ છે.

એતાનિ સહયજ્ઞેન પ્રજાપતિર કલ્પયત્ ।

તેન પ્રજાપતિ દેંવા ન્યસેન યજતઃ પ્રભુઃ ॥

તેમને પરમેશ્વરે યજ્ઞ (કુરબાની)ના હુકમ સાથેજ પેદા કર્યાં એથી કરીને દેવતાઓને નજરાનું આપ્યું.

તદન્યાન્યવરા સતેં પ્રાણિનઃ સપ્તસપ્તધા ।

યજ્ઞેષુ પાકૃતં વિશ્વ પ્રાહુસ્સત્તમ સંજ્ઞિતમ્ ।.

(ગૌરજો મનુશ્ચાશ્વ મેષાશ્વ તર ગર્ધભા ।

પ્રાગ્યાઃ સપ્ત સમાખ્યાતાઃ પશવઃ સાધુયોધિતઃ ॥

સિંહા વ્યાઘ્રા વરાહાશ્ચ મહિષા વારણાસ્તથા ।

ઋક્ષાશ્ચ વાનરોશ્ચૈવ સપ્તા ક્રવ્યાઃ પ્રકીર્તિતાઃ ॥

વસ્તીના જાનવરોમાંથી સાત અને જંગલી જાનવરોમાંથી સાત યજ્ઞ (કુરબાની) માટે ચુંટવામાં આવ્યા છે, તેની વીગત નીચે મુજબઃ—

વસ્તીના જાનવરોમાંથી (૧) ગાય (૨) બકરો (૩) માણુસ (૪) ઘોડો (૫) ઘેટો (૬) ખચ્ચર (૭) ગધેડો. જંગલી જાનવરોમાંથી (૧) સિંહ (૨) ચીત્તો (૩) સુવ્વર-ડુક્કર (૪) ભેંસ (૫) હાથી (૬) રીંછ (૭) વાંદરો,

હવે જરા વિચાર કરો કે જ્યારે અમારા વડીલો અને વડીલોના વડીલો પેઢી દર પેઢી આ શ્રુતિનો અમલ કરતા આવ્યા છે તો એવો ભણેલો ગણેલો કયો માણુસ હોય કે આનો અમલ પોતાના મજા માફક ન કરે ?

વેદના લાવવાળા ક્ષત્રીઓ જ્યાં સુધી શક્તિવાન રહ્યા ત્યાં સુધી વેદનો અમલ પુરો થતો ચાલ્યો અને યજ્ઞ (કુરબાની)ની ધામધુમ થતી. ક્ષત્રીઓની જીત પણ એજ કારણે હતી.

યુધિષ્ઠિરે એક વખત ભિષ્મને સવાલ કર્યો કે કઇ કુરબાની [યજ્ઞ] માત્ર ધર્મને માટે છે અને પુન્યની ખાતર નહિં !

ભિષ્મે જવાબ આપ્યો—સાંભળો એક ગરીબ બ્રાહ્મણ પુન્યની ખાતર નહિ પરંતુ ધર્મની ખાતર યજ્ઞ [કુરબાની) કરવા તૈયાર થયો. તેની સ્ત્રીએ કહ્યું કે અનાજ શાકપાકના યજ્ઞ (કુરબાની)થી શું વળે તેમ છે ? તેનાથી કંઇ સ્વર્ગે ન જવાય. જાનવરની કુરબાની (યજ્ઞ) કરવાથી સ્વર્ગ મળે. તેમ કહીને તેની સ્ત્રી કામમાં ગુંથાઇ. તેની પડેશમાં એક હરણ રહેતું હતું. તેણે આ નવીન જાતની કુરબાની (યજ્ઞ) શાક પાનની જોઇ કહ્યું કે મહારાજ આ શું ગજબ કરો છો ! વેદના મંત્રોના હુકમ અનુસરીને જ્યાં સુધી યજ્ઞ ન કરો ત્યાં સુધી તે યજ્ઞ કેમ મંજુર થઇ શકે ! લ્યો. હું તૈયાર છું. મારૂં નજરાણું કરો; અને સીધા સ્વર્ગના હકદાર બનો.

ભો અક્ષિય હોત્રેત્વં ગચ્છ સ્વર્ગમં નિન્દિતમ ।।

આ વાતચીત ચાલી રહી હતી એટલામાં યજ્ઞ (કુરબાની)ની દેવી સાવિત્રી હાજર થયાં. તેમણે પણ હરણની વાત સાચી છે એમ કહ્યું. બ્રાહ્મણે અરજ કરી–હે દેવીજી ! આ હરણ મારી પડોશમાં રહે છે. પાડોશીને કેમ ભૂજા દેવાય ! આ સાંભળીને દેવીજી યજ્ઞના દેવતાના કુંડમાં ઉતરી પડયાં. બ્રાહ્મણ તો હાથ જોડી ઉભો જોઇજ રહયો. એટલામાં હરણ પાછું બોલ્યું–મહારાજ મને દેવતા ઉપર

આવો. આ સાંભળી બ્રાહ્મણે તેને છાતી સરસો ચાંપ્યો અને કહ્યું-
બચ્ચા! રહેજો, સાચાં [illegible] (કુરબાની) કર !
આ સાંભળી, હરણ ચારે [illegible] પ્રદક્ષિણા [illegible] પાછું
ફર્યું અને કહ્યું કે [illegible] કુરબાની [illegible] ને
પ્રકાશ અર્પું છું. જુઓ સ્વર્ગીય પરીઓ [illegible]
લઈ મને લેવા આવેલ છે. આ વિચિત્ર દેખાવ જોઈ બ્રાહ્મણનો
શોક દુર થયો. ધર્મને માટે [illegible] અને શોક [illegible]
કુરબાનીનો વિચાર જતો રહ્યો અને તે સમજ્યો કે સ્વર્ગ
જરૂર કુરબાની (યજ્ઞ)થીજ મળે છે. તેમ ખાત્રી થતાંજ
તેણે હરણની કુરબાની કરી. આ હરણ ખરી રીતે જોતાં કાંઈ
હરણ નહોતું. પરંતુ ધર્મ પોતે હરણના રૂપમાં લોકોને ધર્મ શીખ-
વવા જંગલમાં જઈ વસેલ. આ વાત ભિક્ષુએ પુરી કરીને કહ્યું
કે જેવી રીતે હિંસા ન કરવી ધર્મ છે તેવીજ રીતે યજ્ઞ
(કુરબાની) કરવો તે પણ ધર્મ છે, તે હિંસા નથી. તેજ
સાચો ધર્મ છે.

યજ્ઞે તપસિ દાને ચ સ્થિતીઃ સદિતિ ચોચ્યતે ।
કર્મ ચૈવ તદર્થીયં સદિત્યેવાભિધીયતે ॥

યજ્ઞ, દાન અને તપ એ ત્રણે સત શબ્દમાં આવી જાય છે, એટલે કે ત્રણેને સત કહેવાય છે. તેને લીધે જે કાર્ય કે સિદ્ધિ થાય તે પણ સતમાં શામેલ ગણાય છે.

યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મસનાતનમ ।
નાયં લોકો ઽસ્ત્ય યજ્ઞસ્ય કુતો ઽન્યઃ કુરૂ સત્તમ ॥

જે કોઈ મનુષ્ય [illegible] આપે છે તે પોતાની જીંદગી [illegible] અમૃતમાં મુક્તિ [illegible] અમર [illegible]માં [illegible] છે. જે કોઈ [illegible] નથી કરતો તે, આ લોક અને પરલોક (બન્ને જહાન)ની [illegible]થી બેનસીબ રહે છે. ([illegible])

ભીષ્મ મહારાજ ગાયની કુરબાની (યજ્ઞ) વિષે કહે છે કે

[illegible] ધિક્ [illegible] [illegible] [illegible]:

ગાયં તપસ્વી પુરૂષોથી પણ વધારે ગુણ છે. તેથી મહેશ્વર તપ [illegible] તેમાં વસે છે. ગાયો બ્રહ્મલોકોમાં વસે છે. જે જગ્યા મેળવવા મોટા મોટા ઋષિ લોકો પ્રયત્ન કરે છે. રાજા રન્તીદેવે માત્ર ગાયની કુરબાની (વધ) કરી.

રન્તિ [illegible] ચ [illegible]! [illegible] ।

[illegible] ચર્મણ્વતી રાજ [illegible]: [illegible] ॥

રન્તીદેવે એટલી ગાયો કાપી કે તેમના લોહીની નદી વહેવા મંડી; જેમના કિનારે એમના ચામડાઓનો કિનારો બન્યો, તેથી તે નદીનું ચર્મનવતી નામ પડ્યું.

કુરબાની કર્યો પછી ગાયો વધી તે દાનમાં આપી. તેથી ગાયોની કુરબાની કરવી જોઈએ અને દાન પણ ગાયોનું કરવું જોઈએ.

તસ્ય તદ્વચનં શ્રુત્વા રાજ પુત્રસ્ય ધીમત । ઉપાનયત ધર્માત્મા ગામધ્ય મુહૂર્ત તમઃ ॥

ભારદ્વાજ મહારાજને જ્યારે રામ આવવાની ખબર મળી ત્યારે તેમણે જલદી મહેમાની માટે ગાય અને સીધું સામાન મોકલ્યાં.

તતો પવિષ્ટં કૌન્તેયું શાસ્ત્રતઃ પ્રત્યપુજંયન્ ।
પાદ્યંનિવેદ્ય પ્રથમ અર્ઘ્યં આચમ્યંવેદયત્ ॥

રાજા જનકે શુક આચાર્યની હજુરમાં મધુપર્ક યજ્ઞ સાથે ગાય રજુ કરી. (શાંતીપર્વ)

સતસ્ય મધુપર્કં ગા પાદ્યઅર્ધ્યં નિવેદ્ય ચ ।

[રામાયણ]

રાજા અર્જુન સહસ્ત્રબાહુએ ઋષિ પુલસ્તીની હજુરમાં મધુપર્ક યજ્ઞ સાથે ગાય અર્પણ કરી.

ગાં ચૈવ મધુપર્કં ચ સંપ્રદાયાર્ઘ્યમેવ ચ ।

યુધિષ્ઠર રાજાએ નારદ મુનીની હજુરમાં મધુપર્ક યજ્ઞ [કુરબાની] સાથે ગાય રજુ કરી. (સભાપર્વ)

ઉપરની હકીકતથી જોઇ શકાશે કે કળીયુગમાં તો ખાસ યજ્ઞ (કુરબાની) કરવાની તાકીદ કરવામાં આવી છે. તથા યજ્ઞ (કુરબાની) માટે ગાય તો ખાસ હોવી જોઇએ તે ઉપરની હકીકતથી સમજાશે. હિંદુ ધર્મ પ્રમાણે ગાય, બકરો, ઘેટું, હાથી, ગધેડો, ખચ્ચર, સિંહ, ચિત્તો, વાંદરો, રીંછ, ભેંસ, કુક્કર, માણસ, ઘોડો વગેરેની છૂટ છે.


આટલું છતાંયે મુસલમાનો સાથે ગાય માટે તો બાપે માર્યા વેર જેવું હિંદુ લોકો કરી મૂકે છે.

હિંદુ લોકો પોતાના ધર્મ પ્રમાણે ચાલતા નથી. તેથીજ આ દુશ્મનીનું પરિણામ આવે છે. નહિતર હિંદુ ધર્મ પ્રમાણે હિંદુઓ ચાલે તો કદી મુસલમાનો સાથે દુશ્મની થાય નહિ. એનાથી ઉલટું કેટલીક બાબતમાં એક બીજાનો સંબંધ ઘણો ગાઢ થાય.

તૈયાર છે !   તૈયાર છે !   તૈયાર છે !

મુસલમાન બાળકો માટે.

પ્રોફેસર. સૈયદ નવ્વાબ અલી એમ. એ. કૃત



"હમારે નબી" (ઉર્દુ) ભાષાંતર

"પ્યારા નબી" (સલ.)

સરળ ગુજરાતી ભાષામાં મોટા ટાઇપ અને ચિત્રો સાથે

પાકું પુઠું કીંમત આના પાંચ (૫)

બહાર ગામથી મંગાવનાર ૬ આનાની ટીકીટ બીડવી.

મળવાનું ઠેકાણું :-

આઝમ અહમદ ઇસમાઇલ.

C/O ધી રાંદેર ઇલેક્ટ્રીક પ્રેસ, ચોકબજાર, સુરત અને રાંદેર.